GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

# ઐતિહાસિક સંશોધનમાં ઇતિહાસકાર કુમારપાળ પરમારનું યોગદાન

**પ્રો. ડૉ. અમિતભાઈ પુનમભાઈ માછી**
અધ્યાપક સહાયક, ઇતિહાસ વિભાગ, મહિલા મહાવિદ્યાલય, વડોદરા

**સારાંશ**

ગુજરાતના ઇતિહાસ અને વારસાના અભ્યાસમાં અનેક સંશોધકોએ પોતાનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેમાં ડૉ. કુમારપાળ પરમારનું કાર્ય નોંધપાત્ર છે. તેમણે ઇતિહાસના અભ્યાસને માત્ર રાજાઓ, યુદ્ધો અને રાજકીય ઘટનાઓ સુધી મર્યાદિત રાખવાને બદલે ટપાલ-ટિકિટ, વાવ, પ્રાગૈતિહાસિક અવશેષો, પ્રાચીન નગરરચના, સ્થાપત્ય, પ્રવાસન સ્થળો અને સ્થાનિક વારસાને પણ સંશોધનના વિષય તરીકે સ્વીકાર્યા છે.

ડૉ. કુમારપાળ પરમારના ResearchGate પ્રોફાઇલ મુજબ તેઓ ઇતિહાસના અભ્યાસ સાથે સંકળાયેલા છે અને તેમની શૈક્ષણિક પૃષ્ઠભૂમિમાં ગૂજરાત વિદ્યાપીઠમાંથી ઇતિહાસમાં અનુસ્નાતક અભ્યાસનો ઉલ્લેખ મળે છે. તેમના ડોક્ટરલ સંશોધનનો વિષય મહાત્મા ગાંધીની 1948 થી 2019 દરમિયાનની ભારતીય ટપાલ-ટિકિટોના ઐતિહાસિક મહત્વ સાથે સંબંધિત છે.

તેમના સંશોધનકાર્યોનું વિશ્લેષણ કરતાં જણાય છે કે તેઓ ઇતિહાસને લોકોના દૈનિક જીવન અને સ્થાનિક વારસા સાથે જોડવાનો પ્રયત્ન કરે છે. “History of Indian Postal Service and Postal Stamp”, “Historical Significance of the Postal Stamps of Mahatma Gandhi from 1948 to 2018”, “વાવ: એક સ્થાપત્ય કોહિનૂર”, “જળ સ્થાપત્ય: પગથીયાવાળો કૂવો”, “વડનગરની

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

નગરરચના", "અદ્યતન ભૂગર્ભ ગટરયોજના", "ગુજરાતના વડાગામમાં અંત્યપાષણ કાલીન આદિમાનવોના અવશેષો" તથા ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને ઐતિહાસિક સ્થળો અંગેના તેમના અભ્યાસો તેમના સંશોધનની વિવિધતા દર્શાવે છે.

આ લેખમાં ડૉ. કુમારપાળ પરમારના ઐતિહાસિક સંશોધનક્ષેત્રમાં રહેલા મુખ્ય યોગદાનનું વિષયવાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ખાસ કરીને ટપાલ-ટિકિટને ઐતિહાસિક સ્રોત તરીકે જોવાનો તેમનો અભિગમ, ગુજરાતના જળ સ્થાપત્યનો અભ્યાસ, પ્રાગૈતિહાસિક સંશોધન, સ્થાનિક ઇતિહાસનું દસ્તાવેજીકરણ અને ઐતિહાસિક વારસાને સામાન્ય લોકો સુધી પહોંચાડવાના તેમના પ્રયત્નોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો: ઇતિહાસ, ઐતિહાસિક સંશોધન, કુમારપાળ પરમાર, ટપાલ-ટિકિટ, મહાત્મા ગાંધી, વાવ, સ્થાપત્ય, પ્રાગૈતિહાસિક સંશોધન, ગુજરાતનો વારસો.**

## 1. પ્રસ્તાવના

ડૉ. કુમારપાળ પરમાર ગુજરાતના ઇતિહાસ, ઐતિહાસિક સંશોધન, ટપાલ-ટિકિટ અભ્યાસ તથા સાંસ્કૃતિક વારસાના ક્ષેત્રમાં કાર્યરત સંશોધક અને ઇતિહાસકાર તરીકે ઓળખાય છે. તેમનો જન્મ વર્ષ 1983માં શહીદ દિનના દિવસે શ્રી ભાનુભાઈ પરમાર અને શ્રીમતી કમળાબેન પરમારના પરિવારમાં થયો હતો. તેમના પિતા સંરક્ષણ વિભાગમાં ઓડિટર તરીકે ફરજ બજાવતા હોવાથી બાળપણમાં પરિવારને નોકરીના સ્થળાંતરને કારણે વિવિધ શહેરોમાં રહેવાની તક મળી. નાસિક, ધ્રાંગધ્રા અને અમદાવાદ જેવા શહેરોમાં તેમના બાળપણના વિવિધ વર્ષો પસાર થયા. વર્ષ 1994માં

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

તેમનો પરિવાર અમદાવાદમાં સ્થાયી થયો. આ સમયગાળામાં તેમના જીવનમાં સ્થિરતા આવી અને આગળના શૈક્ષણિક વિકાસ માટે અનુકૂળ વાતાવરણ મળ્યું.

વર્ષ 2002માં તેમણે ઇન્ટરમીડિયેટ પરીક્ષા સફળતાપૂર્વક પૂર્ણ કરી. તેમણે ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલા વિવેકાનંદ આર્ટ્સ કોલેજમાં અભ્યાસ કર્યો અને ઇતિહાસ વિષયમાં સ્નાતકની પદવી વર્ષ 2005માં પૂર્ણ કરી. તેમણે અમદાવાદની પ્રતિષ્ઠિત ગૂજરાત વિદ્યાપીઠમાં ઇતિહાસ વિષયમાં ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મેળવવા પ્રયત્ન કર્યો. પ્રવેશ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કર્યા બાદ તેમને ગૂજરાત વિદ્યાપીઠમાં માસ્ટર ડિગ્રીના અભ્યાસ માટે પ્રવેશ મળ્યો. આ સમયગાળામાં ભારતીય ટપાલ-ટિકિટ અને મહાત્મા ગાંધી વચ્ચેના સંબંધ તરફ તેમનું વિશેષ ધ્યાન ગયું. ત્યારબાદ તેમણે સાબરમતી યુનિવર્સિટીમાંથી Ph.D. પૂર્ણ કર્યું. તેમનું ડોક્ટરલ સંશોધન મહાત્મા ગાંધીની 1948 થી 2018 દરમિયાનની ભારતીય ટપાલ-ટિકિટોના ઐતિહાસિક મહત્વ પર કેન્દ્રિત હતું અને માર્ગદર્શક તરીકે પુરાતત્ત્વવિદ્ ડૉ. સુમનબેન પંડ્યા અને ડૉ. રંજના પાનેરીનો ઉલ્લેખ થાય છે.

માસ્ટર ડિગ્રીના પરિણામની રાહ જોતા સમયે ડૉ. પરમારના જીવનમાં એક મહત્વપૂર્ણ તક આવી. તેમની પસંદગી ગૂજરાત વિદ્યાપીઠના આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર (TRTI)માં સંશોધનના મહત્વપૂર્ણ કાર્ય માટે થઈ. જુલાઈ 2007થી નવેમ્બર 2008 દરમિયાન તેમણે ગુજરાત રાજ્યના “Forest Villages of Gujarat State” વિષય પર સંશોધન કર્યું. આ કાર્ય તેમને ઇતિહાસના પરંપરાગત પુસ્તકી અભ્યાસથી આગળ લઈ ગયું અને ક્ષેત્રકાર્ય સાથે જોડ્યું.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

વર્ષ 2011થી 2019 દરમિયાન NIDમાં પ્રાપ્ત થયેલો અનુભવ ડૉ. કુમારપાળ પરમારના સંશોધનજીવન માટે ખૂબ મહત્વપૂર્ણ રહ્યો. NIDમાં કાર્યકાળ દરમિયાન ડૉ. પરમારે 400થી વધુ Design Projects સાથે સંશોધનાત્મક રીતે કામ કર્યું. આ પ્રોજેક્ટ્સમાં શરૂઆતથી લઈને પ્રોજેક્ટ પૂર્ણ થાય ત્યાં સુધીની પ્રક્રિયાનું સંચાલન, માહિતી એકત્રિત કરવી, સંશોધન કરવું, સંબંધિત વ્યક્તિઓ અને સંસ્થાઓ સાથે સંકલન કરવું તથા અંતિમ પરિણામ સુધી પ્રોજેક્ટને પહોંચાડવાની જવાબદારી તેમણે સંભાળી હતી. હાલ, તેઓ સુરેન્દ્રનગર યુનિવર્સિટી ખાતે અસોસિએટ પ્રોફેસર અને સંશોધન અધ્યક્ષ તરીકે ફરજ બજાવી રહ્યા છે.

આ અભ્યાસમાં પ્રાથમિક રીતે તેમના પ્રકાશિત સંશોધનકાર્યોને આધાર બનાવવામાં આવ્યા છે. ResearchGate પ્રોફાઇલ પર દર્શાવાયેલા પ્રકાશનોમાં વર્ષ, વિષય અને ઉપલબ્ધ સંક્ષિપ્ત માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાથે જ સંબંધિત સંશોધન લેખોની સામગ્રીનું તુલનાત્મક રીતે વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**2. ટપાલ-ટિકિટને ઐતિહાસિક સ્રોત બનાવવાનું યોગદાન**

ડૉ. કુમારપાળ પરમારના સંશોધનનું સૌથી વિશિષ્ટ પાસું ટપાલ-ટિકિટનો ઐતિહાસિક સ્રોત તરીકે કરવામાં આવેલો ઉપયોગ છે. તેમણે “History of Indian Postal Service and Postal Stamp” નામના અભ્યાસમાં ભારતીય ટપાલ સેવા અને ટપાલ-ટિકિટના ઇતિહાસનો પરિચય આપ્યો છે. આ લેખમાં વિશ્વની પ્રથમ ટપાલ-ટિકિટ “Penny Black” અને ભારતની ટપાલ-ટિકિટોના વિકાસની ચર્ચા કરવામાં આવી છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

તેમના માનવા અનુસાર ટપાલ-ટિકિટ કદમાં નાની હોય છે, પરંતુ તેમાં કોઈ સમયના રાષ્ટ્રની રાજકીય, સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય ઓળખના સંકેતો જોવા મળે છે. આ દૃષ્ટિકોણથી ટપાલ-ટિકિટને માત્ર ટપાલની કિંમત ચૂકવવાનું સાધન નહીં પરંતુ લઘુ ઐતિહાસિક દસ્તાવેજ તરીકે જોવાનો અભિગમ મહત્વપૂર્ણ છે.

**3. મહાત્મા ગાંધીની ટપાલ-ટિકિટોના ઐતિહાસિક અભ્યાસમાં યોગદાન**

ડૉ. કુમારપાળ પરમારના સંશોધનનો એક મહત્વનો ભાગ મહાત્મા ગાંધીની ટપાલ-ટિકિટ સાથે જોડાયેલો છે. તેમના “Historical Significance of the Postal Stamps of Mahatma Gandhi from 1948 to 2018” નામના સંશોધન લેખમાં ગાંધીજીને સમર્પિત ભારતીય ટપાલ-ટિકિટોના ઐતિહાસિક મહત્વનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. લેખમાં ટપાલ-ટિકિટ કેવી રીતે રાષ્ટ્રની સંસ્કૃતિ, વારસો અને મહાન વ્યક્તિઓની સ્મૃતિને લોકો સુધી પહોંચાડે છે તેની ચર્ચા કરવામાં આવી છે.

આ સંશોધનનું મહત્વ એ છે કે ગાંધીજીના ઇતિહાસને માત્ર પુસ્તકો, ભાષણો અને આંદોલનો દ્વારા નહીં પરંતુ ટપાલ-ટિકિટ જેવા દૃશ્ય સ્રોત દ્વારા પણ સમજવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમના અગાઉના લેખમાં પણ ગાંધીજીની 150મી જન્મજયંતિ નિમિત્તે પ્રકાશિત ટપાલ-ટિકિટોના ઐતિહાસિક મહત્વની ચર્ચા કરવામાં આવી હતી. આ અભ્યાસમાં 1948માં ગાંધીજી પર બહાર પાડવામાં આવેલી પ્રથમ ટપાલ-ટિકિટથી લઈને 2019 સુધીના સંદર્ભને આવરી લેવામાં આવ્યો હતો.

**4. વાવ અને જળ સ્થાપત્યના સંશોધનમાં યોગદાન**

વાવ માત્ર પાણી મેળવવાનું સાધન નહોતું; તે સ્થાપત્ય, કલા, ધાર્મિક માન્યતાઓ અને સામાજિક જીવન સાથે પણ જોડાયેલી હતી. ડૉ. કુમારપાળ પરમારે વાવના વિવિધ પાસાંઓ પર અલગ અલગ સંશોધનકાર્યો કર્યા છે. "જળ સ્થાપત્ય: પગથીયાવાળો કૂવો", "વાવ: એક સ્થાપત્ય કોહિનૂર", "વાવ સ્થાપત્યમાંના શિલ્પો" અને "વાવ: એક ઐતિહાસિક અધ્યયન" જેવા અભ્યાસો તેમના કાર્યના આ ક્ષેત્રને દર્શાવે છે. "વાવ: એક સ્થાપત્ય કોહિનૂર"માં વાવના વિવિધ સ્થાપત્ય ભાગો જેમ કે પ્રવેશ મંડપ, તોરણ, દીવાલ, મંડપ, કૂવો, ગોખ, સ્તંભ, પાણીનો ભાગ અને પગથિયાંવાળો માર્ગ વગેરે વિશે ચર્ચા કરવામાં આવી છે. "વાવ સ્થાપત્યમાંના શિલ્પો"માં વાવ સાથે જોડાયેલા વિવિધ શિલ્પો અને ધાર્મિક પ્રતિમાઓનો ઉલ્લેખ મળે છે. તેમાં શેષશાયી વિષ્ણુ, સપ્તમાતૃકા, નવગ્રહ અને મહિષાસુરમર્દિની જેવા શિલ્પોના સંદર્ભો આપવામાં આવ્યા છે. એટલું જ નહિ, તેમના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા અને મહેસાણા જિલ્લાની ઐતિહાસિક વાવ પર પણ સુંદર કામ થયેલું જોવા મળે છે. આ પ્રકારના અભ્યાસથી વાવને માત્ર પાણીના સ્ત્રોત તરીકે નહીં પરંતુ જળ, કલા, સ્થાપત્ય અને સંસ્કૃતિના સંયુક્ત વારસા તરીકે સમજવાની દિશા મળે છે.

**5. માધા વાવના સંશોધનમાં યોગદાન**

ડૉ. કુમારપાળ પરમારે "Stepwells of MADHA as Ancient Water Harvesting Architectural Heritage" નામના અભ્યાસમાં માધા વાવને પ્રાચીન જળસંગ્રહ અને સ્થાપત્ય વારસા સાથે જોડીને સમજાવવાનો પ્રયાસ કર્યો છે. ઉપલબ્ધ માહિતી મુજબ આ વાવનું નિર્માણ સારંગદેવ વાઘેલાના સમયમાં તેમના મંત્રી માધવ સાથે જોડાય છે અને તેના સ્થાપત્યમાં કૂટ અથવા મંડપ રચનાઓ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

જોવા મળે છે. આ અભ્યાસનું મહત્વ એ છે કે પ્રાચીન જળ વ્યવસ્થાને આજના પર્યાવરણ અને પાણી સંરક્ષણના પ્રશ્નો સાથે પણ જોડીને જોઈ શકાય છે.

**6. પ્રાગૈતિહાસિક ઇતિહાસના સંશોધનમાં યોગદાન**

ડૉ. કુમારપાળ પરમારના સંશોધનમાં પ્રાગૈતિહાસિક સમયગાળાને પણ મહત્વ મળ્યું છે. "માનવનું પ્રથમ રહેઠાણ: ગુફાઓ" અને "આદિમાનવના રહેણાંક તરીકે વિશ્વની પ્રાગૈતિહાસિક ગુફાઓ" જેવા લેખોમાં માનવના પ્રારંભિક રહેઠાણ અંગે ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત "ગુજરાતના વડાગામમાં અંત્યપાષણ કાલીન આદિમાનવોના અવશેષો" નામનો અભ્યાસ પણ તેમના સંશોધનકાર્યોમાં જોવા મળે છે. આ અભ્યાસમાં ગુજરાતના પ્રાગૈતિહાસિક સંદર્ભ અને અંત્યપાષાણ કાળના માનવ અવશેષો તથા પર્યાવરણીય પરિવર્તન જેવા મુદ્દાઓ પર ધ્યાન આપવામાં આવ્યું છે. આ સંશોધન દ્વારા ગુજરાતના ઇતિહાસને માત્ર ઐતિહાસિક સમયથી નહીં પરંતુ માનવ અસ્તિત્વના પ્રારંભિક તબક્કાથી સમજવાનો પ્રયત્ન થાય છે.

**7. પ્રાચીન નગરરચનાના સંશોધનમાં યોગદાન**

પ્રાચીન નગરો કેવી રીતે રચાતા હતા તે જાણવાથી તે સમયના સામાજિક અને આર્થિક જીવનની સમજ મળે છે. ડૉ. કુમારપાળ પરમારે "વડનગરની નગરરચના" તથા "અદ્યતન ભૂગર્ભ ગટરયોજના" જેવા વિષયો પર સંશોધન કર્યું છે. તેમના "અદ્યતન ભૂગર્ભ ગટરયોજના" સંબંધિત અભ્યાસમાં સિંધુ ખીણની સંસ્કૃતિની ભૂગર્ભ ગટર વ્યવસ્થાની ચર્ચા કરવામાં આવી છે. તેમના માર્ગદર્શન હેઠળ બનાસકાંઠા જિલ્લો, સુરેન્દ્રનગર જિલ્લો, પાટણ જિલ્લાનો ઐતિહાસિક દ્રષ્ટિકોણથી અભ્યાસ કરવામાં

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

આવ્યો છે. આ અભ્યાસો દ્વારા પ્રાચીન સમાજની નગર આયોજન ક્ષમતા, જતન-સંરક્ષણ અને ભારતીય સ્વતંત્રતા સંગ્રામ અંગેની સમજ પ્રાપ્ત થાય છે.

**8. સિંધુ ખીણની સંસ્કૃતિના અભ્યાસમાં યોગદાન**

"અદ્યતન ભૂગર્ભ ગટરયોજના" અભ્યાસમાં સિંધુ ખીણની સંસ્કૃતિની નગરરચના અંગે ચર્ચા કરવામાં આવી છે. સિંધુ ખીણની સંસ્કૃતિનો અભ્યાસ ભારતીય ઇતિહાસમાં મહત્વનો છે કારણ કે તેમાં પ્રાચીન માનવની નગરરચના, ગટર વ્યવસ્થા, રહેઠાણ, વેપાર અને સામાજિક વ્યવસ્થાની સમજ મળે છે. તેમના માર્ગદર્શન હેઠળ કચ્છ જિલ્લાના ભીલ સમુદાયમાં સિંધુ ખીણની સંસ્કૃતિનો સાંસ્કૃતિક વારસો સમજવાનો પણ પ્રયાસ થયેલો જોવા મળે છે. આ ક્ષેત્રમાં ડૉ. પરમારનું કાર્ય પ્રાચીન નગરરચનાને સામાન્ય વાચક સમક્ષ સરળ રીતે રજૂ કરવાનો પ્રયાસ તરીકે જોઈ શકાય છે.

**9. પ્રાચીન માનવના રહેઠાણના અભ્યાસમાં યોગદાન**

માનવના પ્રથમ રહેઠાણનો પ્રશ્ન ઇતિહાસ અને પુરાતત્વ બંને માટે મહત્વનો છે. ડૉ. પરમારે ગુફા અને ખોલરું જેવા પ્રાચીન રહેઠાણોને પણ અભ્યાસના વિષય બનાવ્યા છે. "માનવનું પોતાનું ઘર: ખોલરું" નામના અભ્યાસમાં મેસોલિથિક સમયના માનવ જીવનમાં આગ, ચક્ર અને ખેતીના વિકાસ સાથે રહેઠાણના પરિવર્તનને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પ્રકારના અભ્યાસથી માનવના રહેઠાણના વિકાસને માત્ર સ્થાપત્ય તરીકે નહીં પરંતુ માનવજીવનના સામાજિક અને આર્થિક પરિવર્તન સાથે જોડીને સમજવાની તક મળે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**10. ડાયનાસોર અને પ્રાગૈતિહાસિક વારસો**

“ડાયનાસોર ફોસેલ્સ પાર્ક, Balasinor” લેખમાં બાલાસિનોર, ગુજરાતના ડાયનાસોર ફોસિલ્સ પાર્ક અંગે માહિતી આપવામાં આવી છે. આ પ્રકારના અભ્યાસો ઇતિહાસ, ભૂવિજ્ઞાન અને પુરાતત્ત્વ વચ્ચેના આંતરસંબંધને સમજવામાં મદદરૂપ બને છે. ગુજરાતના પ્રાગૈતિહાસિક વારસાને સામાન્ય વાચક અને પ્રવાસી સુધી પહોંચાડવામાં આવા સંશોધનોનું શૈક્ષણિક મહત્વ છે.

**11. ગુજરાતના સ્થાનિક ઇતિહાસના સંશોધનમાં યોગદાન**

ડૉ. કુમારપાળ પરમારના સંશોધનની સૌથી નોંધપાત્ર બાબતોમાંની એક છે સ્થાનિક ઇતિહાસ પ્રત્યેનો રસના સંદર્ભમાં તેમણે પાટણ, મહેસાણા અને સુરેન્દ્રનગર જેવા જિલ્લાઓના ઐતિહાસિક તથા પ્રવાસન સ્થળો અંગે સંશોધનાત્મક લેખો રજૂ કર્યા છે. “પાટણ જિલ્લાની સુપ્રસિદ્ધિ માટેના કારણો” અભ્યાસમાં પાટણના ઇતિહાસ, ભૂગોળ, વહીવટ, પ્રવાસન સ્થળો અને ઔદ્યોગિક બાબતોની ચર્ચા કરવામાં આવી છે. “મહેસાણા જિલ્લાના પ્રવાસન સ્થળો”માં મહેસાણા જિલ્લાના ઐતિહાસિક અને ભૌગોલિક પાસાં સાથે તેના પ્રવાસન મહત્વની ચર્ચા કરવામાં આવી છે. આ પ્રકારના અભ્યાસોનું મહત્વ એ છે કે મોટા રાષ્ટ્રીય ઇતિહાસની સાથે સ્થાનિક ઇતિહાસને પણ સંશોધનના કેન્દ્રમાં લાવવામાં આવે છે.

**12. સુરેન્દ્રનગરના ઇતિહાસ અને વારસાનું દસ્તાવેજીકરણ**

ડૉ. પરમાર સુરેન્દ્રનગર સાથે સંકળાયેલા સંશોધક હોવાથી તેમના સંશોધનમાં સુરેન્દ્રનગર જિલ્લાના ઐતિહાસિક અને પ્રવાસન વારસાને પણ સ્થાન મળ્યું છે. “સુરેન્દ્રનગર જિલ્લાના પ્રવાસન સ્થળો”

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

નામનો અભ્યાસ 2023માં પ્રકાશિત થયો હતો. તેમાં ભારત અને ગુજરાતના ઐતિહાસિક સંદર્ભ સાથે સુરેન્દ્રનગર જિલ્લાના વિવિધ સ્થળો અંગે માહિતી રજૂ કરવામાં આવી છે. તેમજ તેમના માર્ગદર્શન હેઠળ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સુરેન્દ્રનગર જિલ્લાનું પ્રદાન વિષય પર પણ અભ્યાસ કરવામાં આવ્યો છે.  સ્થાનિક સ્થળોના દસ્તાવેજીકરણથી ભાવિ સંશોધકો માટે આધારસામગ્રી તૈયાર થાય છે અને સ્થાનિક સમાજમાં પોતાના વારસા પ્રત્યે જાગૃતિ વધે છે.

**13. સ્થાપત્ય અને કલા ઇતિહાસના અભ્યાસમાં યોગદાન**

"Lap of Architecture" નામના તેમના લેખમાં પ્રાચીન કલા અને સ્થાપત્યની સંકલ્પનાને સમજાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમના વાવ સંબંધિત સંશોધનકાર્યોમાં પણ સ્થાપત્ય અને શિલ્પકલાનું મહત્વ સ્પષ્ટ રીતે જોવા મળે છે. આથી કહી શકાય કે તેમના ઇતિહાસ સંશોધનમાં સ્થાપત્ય ઇતિહાસને મહત્વપૂર્ણ સ્થાન મળ્યું છે. સિહોરની "સાત શેરી" અને શિવ મંદિરના અવશેષો અંગેનો તેમનો અભ્યાસ પણ ઐતિહાસિક અને સ્થાપત્યકીય વારસાના અભ્યાસનું ઉદાહરણ છે.

**14. ટપાલ-ટિકિટોના સંરક્ષણ અંગેનું યોગદાન**

ટપાલ-ટિકિટના ઐતિહાસિક મહત્વની સાથે તેમના સંરક્ષણ તરફ પણ ડૉ. પરમારે ધ્યાન દોર્યું છે. "ગ્રંથાલયમાં ટપાલ-ટિકિટોનું મહત્વ અને તેની જાળવણી: એક સૂચન" નામના તેમના લેખમાં ટપાલ-ટિકિટને કલા અને ઇતિહાસના દસ્તાવેજ તરીકે જોવામાં આવી છે. આધુનિક સમયમાં મોબાઈલ, ઇન્ટરનેટ અને ખાનગી ટપાલ સેવાઓના વધતા ઉપયોગને કારણે પરંપરાગત ટપાલ-ટિકિટનું મહત્વ ઘટી રહ્યું છે, તેથી તેનું સંરક્ષણ જરૂરી છે એવો અભિગમ આ કાર્યમાં જોવા મળે છે.

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

આ બાબત ઇતિહાસ સંશોધન માટે મહત્વપૂર્ણ છે કારણ કે ભૌતિક દસ્તાવેજોનું સંરક્ષણ ભાવિ પેઢીના સંશોધન માટે જરૂરી છે.

**15. સંશોધનના વિષયોમાં વૈવિધ્ય**

ડૉ. કુમારપાળ પરમારના ઉપલબ્ધ પ્રકાશનો જોવામાં આવે તો તેમના સંશોધનવિષયોમાં નોંધપાત્ર વૈવિધ્ય જોવા મળે છે.

| **ક્રમ** | **સંશોધન ક્ષેત્ર** | **ઉદાહરણ** |
|---|---|---|
| 1 | ટપાલ ઇતિહાસ | ભારતીય ટપાલ સેવા અને ટપાલ-ટિકિટ |
| 2 | ગાંધી અભ્યાસ | ગાંધીજીની ટપાલ-ટિકિટો |
| 3 | જળ સ્થાપત્ય | વાવ |
| 4 | સ્થાપત્ય | પ્રાચીન સ્થાપત્ય અને શિલ્પ |
| 5 | પ્રાગૈતિહાસિક ઇતિહાસ | ગુફાઓ અને આદિમાનવ |
| 6 | પુરાતત્ત્વ | વડાગામના પ્રાગૈતિહાસિક અવશેષો |
| 7 | પ્રાચીન નગરરચના | વડનગર અને સિંધુ સંસ્કૃતિ |
| 8 | પર્યાવરણ-ઇતિહાસ | પ્રાચીન ગટર અને પાણી વ્યવસ્થા |
| 9 | સ્થાનિક ઇતિહાસ | પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર |
| 10 | સાંસ્કૃતિક વારસો | ઐતિહાસિક અને પ્રવાસન સ્થળો |

આ યાદી દર્શાવે છે કે તેમનું સંશોધન એક જ ક્ષેત્રમાં સીમિત નથી.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**16. ઇતિહાસને સામાન્ય વાચક સુધી પહોંચાડવાનો પ્રયાસ**

ડૉ. પરમારના લેખોમાં સરળ ભાષામાં ઐતિહાસિક સ્થળો, સ્થાપત્યો અને વારસાની માહિતી રજૂ કરવાનો પ્રયાસ જોવા મળે છે. આ અભિગમનું મહત્વ એ છે કે ઇતિહાસ માત્ર યુનિવર્સિટી અને સંશોધકો સુધી સીમિત ન રહે, પરંતુ વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ અને સામાન્ય વાચકો સુધી પણ પહોંચે. તેમના ResearchGate પ્રોફાઇલ પર ઉપલબ્ધ લેખોની મોટી સંખ્યા અને વિષયોની વિવિધતા આ દિશામાં તેમના સતત લેખનપ્રયાસને દર્શાવે છે.

**17. ઐતિહાસિક સંશોધનનો આંતરવિષયક અભિગમ**

ડૉ. કુમારપાળ પરમારના કાર્યમાં ઇતિહાસ સાથે અન્ય વિષયોનું જોડાણ જોવા મળે છે. વાવના અભ્યાસમાં ઇતિહાસ સાથે સ્થાપત્ય અને કલા જોડાય છે. પ્રાગૈતિહાસિક માનવના અભ્યાસમાં ઇતિહાસ સાથે ભૂવિજ્ઞાન અને પુરાતત્ત્વ જોડાય છે. ટપાલ-ટિકિટના અભ્યાસમાં ઇતિહાસ સાથે કલા, રાષ્ટ્રવાદ અને સંચાર વ્યવસ્થાનો સંબંધ જોવા મળે છે. સિંધુ સંસ્કૃતિના નગરરચના અભ્યાસમાં ઇતિહાસ સાથે નગર આયોજન અને ઇજનેરી જ્ઞાનનું જોડાણ થાય છે. આથી તેમના સંશોધનકાર્યોમાં આંતરવિષયક સંશોધનનો અભિગમ મહત્વપૂર્ણ વિશેષતા તરીકે ઓળખી શકાય.

**18. સંશોધનકાર તરીકે ડૉ. પરમારની વિશિષ્ટતાઓ**

ડૉ. કુમારપાળ પરમારના ઉપલબ્ધ સંશોધનકાર્યોના આધારે તેમની કેટલીક વિશિષ્ટતાઓ એ છે કે, તેમણે ગુજરાતના નાના અને સ્થાનિક ઐતિહાસિક સ્થળોને સંશોધનના વિષય બનાવ્યા છે. વાવ, મંદિરો, ટપાલ-ટિકિટો, પ્રાચીન રહેઠાણ અને ફોસિલ્સ જેવા વારસાના વિવિધ સ્વરૂપોને ઇતિહાસ સાથે

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

જોડ્યા છે. ટપાલ-ટિકિટ અને સ્થાપત્ય જેવા દૃશ્ય સ્રોતોનું ઐતિહાસિક અર્થઘટન કરવું તેમના કાર્યની મહત્વપૂર્ણ વિશેષતા છે. તેમના ઘણા લેખોમાં જટિલ ઐતિહાસિક બાબતોને સરળ રીતે રજૂ કરવાનો પ્રયાસ જોવા મળે છે. તેમના પ્રકાશનો 2017થી 2026 સુધી વિવિધ વર્ષોમાં જોવા મળે છે.

**19. ઐતિહાસિક સંશોધનમાં તેમના યોગદાનનું મૂલ્યાંકન**

પ્રથમ, તેમણે ટપાલ-ટિકિટ જેવા નાના દસ્તાવેજને ઐતિહાસિક સ્રોત તરીકે રજૂ કર્યો છે.

બીજું, તેમણે ગુજરાતના જળ સ્થાપત્ય અને વાવને સ્થાપત્ય, કલા, પાણી વ્યવસ્થા અને સાંસ્કૃતિક વારસાના સંયુક્ત સ્વરૂપ તરીકે સમજવાનો પ્રયત્ન કર્યો છે.

ત્રીજું, તેમણે સ્થાનિક અને પ્રાદેશિક ઇતિહાસને મહત્વ આપ્યું છે. પાટણ, મહેસાણા, સુરેન્દ્રનગર, વડનગર, સિહોર વગેરે સ્થળોના અભ્યાસો તેના ઉદાહરણ છે.

આ ત્રણેય પાસાં ગુજરાતના ઇતિહાસના વધુ વ્યાપક દસ્તાવેજીકરણ માટે ઉપયોગી છે.

**20. સંશોધન ક્ષેત્રે પડકારો**

ડૉ. પરમારના સંશોધનકાર્યોનું મૂલ્યાંકન કરતાં કેટલાક પડકારો પણ ધ્યાનમાં લેવા જરૂરી છે કે સ્થાનિક ઇતિહાસના સંશોધનમાં મૂળ દસ્તાવેજો, શિલાલેખો, પુરાતત્વીય અહેવાલો, સરકારી રેકોર્ડ અને સ્થાનિક મૌખિક પરંપરાઓનું તુલનાત્મક વિશ્લેષણ ખૂબ જરૂરી છે. ભવિષ્યમાં આવા સંશોધનમાં વધુ પ્રાથમિક સ્રોતો, ક્ષેત્રકાર્ય, પુરાતત્ત્વીય પુરાવા અને પ્રમાણભૂત ઐતિહાસિક દસ્તાવેજોનો સમાવેશ કરવામાં આવે તો સંશોધન વધુ મજબૂત બની શકે. આ મુદ્દો ડૉ. પરમારના કાર્યની ટીકા કરતાં વધુ આગામી સંશોધનની શક્યતા તરીકે જોવો યોગ્ય છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

## 21. મુખ્ય તારણો

આ અભ્યાસ પરથી નીચેના મુખ્ય તારણો પ્રાપ્ત થાય છે:

- ડૉ. કુમારપાળ પરમારનું ઐતિહાસિક સંશોધન વિવિધ વિષયોને આવરી લે છે.
- પરંપરાગત રાજકીય ઇતિહાસ ઉપરાંત સ્થાનિક અને સાંસ્કૃતિક ઇતિહાસને મહત્વ આપ્યું છે.
- ટપાલ-ટિકિટને ઐતિહાસિક સ્રોત તરીકે રજૂ કરવું તેમના સંશોધનની વિશિષ્ટતા છે.
- ગાંધીજીની ટપાલ-ટિકિટોના ઐતિહાસિક મહત્વનો તેમણે વિશેષ અભ્યાસ કર્યો છે.
- વાવ અને જળ સ્થાપત્ય તેમના સંશોધનનું મહત્વનું ક્ષેત્ર છે, વાવના સ્થાપત્ય અને શિલ્પ બંને પાસાંઓનો અભ્યાસ કર્યો છે.
- પ્રાગૈતિહાસિક માનવ, ગુફાઓ અને પ્રાગૈતિહાસિક અવશેષો અંગે પણ તેમણે સંશોધન કર્યું છે.
- સિંધુ ખીણની સંસ્કૃતિ અને પ્રાચીન નગરરચના તેમના અભ્યાસમાં સ્થાન પામે છે.
- પાટણ, મહેસાણા અને સુરેન્દ્રનગર જેવા ગુજરાતના સ્થાનિક વિસ્તારોના ઇતિહાસ અને વારસાનું દસ્તાવેજીકરણ કર્યું છે.
- સંશોધનમાં ઇતિહાસ, પુરાતત્ત્વ, સ્થાપત્ય, કલા, ભૂગોળ અને પ્રવાસન જેવા વિષયો વચ્ચેનો સંબંધ જોવા મળે છે.
- ઘણા અભ્યાસો ઐતિહાસિક વારસાને સામાન્ય વાચક સુધી પહોંચાડવાના પ્રયત્ન તરીકે જોઈ શકાય છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

- સંશોધનકાર્યો ગુજરાતના સ્થાનિક ઇતિહાસ અને સાંસ્કૃતિક વારસાના દસ્તાવેજીકરણમાં ઉપયોગી છે.

**22. ઉપસંહાર**

ડૉ. કુમારપાળ પરમારના સંશોધનકાર્યોમાં આ પ્રકારનો વ્યાપક અભિગમ જોવા મળે છે. આથી કહી શકાય કે ડૉ. કુમારપાળ પરમારનું ઐતિહાસિક સંશોધનમાં મુખ્ય યોગદાન "સ્થાનિક ઇતિહાસ, દૃશ્ય સ્રોતો, જળ સ્થાપત્ય, પ્રાગૈતિહાસિક વારસા અને સાંસ્કૃતિક વારસાને સરળ સંશોધનાત્મક અભ્યાસ સાથે જોડવાનું" છે. તેમના ઉપલબ્ધ સંશોધનકાર્યો ગુજરાતના ઇતિહાસના વિવિધ ઓછા ચર્ચાયેલા પાસાંઓને પ્રકાશમાં લાવવાના પ્રયાસ તરીકે મહત્વ ધરાવે છે.

**સંદર્ભસૂચિ**


- Parmar, Kumarpal. (2018). History of Indian Postal Service and Postal Stamp. PARIPEX: INDIAN JOURNAL OF RESEARCH 7(11): 52-55.
- પરમાર, કુમારપાળ. (2019). મહાત્મા ગાંધીની 150મી વર્ષગાંઠ નિમિતે પ્રકાશિત ટપાલ-ટિકિટોનું ઐતિહાસિક મહત્વ. SURBHI: International Peer-Reviewed Referred Journal 1(24): 64-67.
- પરમાર, કુમારપાળ. (2021). ગુજરાતના વડાગામમાં અંત્યપાષણ કાલીન આદિમાનવોના અવશેષો. Proceedings of the National Conference on "Research in Indian History

and Indian History in Research" by Dr. Babasaheb Ambedkar Open University: 48-51.

- પરમાર, કુમારપાળ. (2021). અદ્યતન ભૂગર્ભ ગટરયોજના: Settlement Pattern of Indus Valley Civilization. ResearchGate.
- પરમાર, કુમારપાળ. (2021). માનવનું પ્રથમ રહેઠાણ: ગુફાઓ. ResearchGate.
- પરમાર, કુમારપાળ. (2021). માનવનું પોતાનું ઘર: ખોલરું. ResearchGate.
- પરમાર, કુમારપાળ. (2021). અદ્યતન ભૂગર્ભ ગટરયોજના. ResearchGate.
- પરમાર, કુમારપાળ. (2021). વડનગરની નગરરચના. ResearchGate.
- પરમાર, કુમારપાળ. (2022). જળ સ્થાપત્ય: પગથીયાવાળો કૂવો. ResearchGate.
- પરમાર, કુમારપાળ. (2022). વાવ: એક સ્થાપત્ય કોહિનૂર. ResearchGate.
- પરમાર, કુમારપાળ. (2022). વાવ સ્થાપત્યમાંના શિલ્પો. ResearchGate.
- Parmar, Kumarpal. (2022). Historical Significance of the Postal Stamps of Mahatma Gandhi from 1948 to 2018. AYUDH: International Peer-Reviewed Referred Journal, 3, 56–61.
- પરમાર, કુમારપાળ. (2022). આદિમાનવના રહેણાંક તરીકે વિશ્વની પ્રાગૈતિહાસિક ગૂફાઓ. Research Guru 16(1): 34-44.
- Parmar, Kumarpal. (2022). પ્રાચીન જલ સ્થાપત્ય તરીકે માધા વાવ. ResearchGate.

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026


- પરમાર, કુમારપાળ. (2023). ગ્રંથાલયમાં ટપાલ-ટિકિટોનું મહત્વ અને તેની જાળવણી: એક સૂચન. Vidhyayana - An International Multidisciplinary Peer-Reviewed E-Journal 8(4): 1-8.
- પરમાર, કુમારપાળ. (2023). વાવ: એક ઐતિહાસિક અધ્યયન. Vidhyayana - An International Multidisciplinary Peer-Reviewed E-Journal 1(6): 1-12.
- પરમાર, કુમારપાળ. (2023). પાટણ જિલ્લાની સુપ્રસિદ્ધિ માટેના કારણો. AYUDH: International Peer-Reviewed Referred Journal 1(100): 21-25.
- પરમાર, કુમારપાળ. (2023). મહેસાણા જિલ્લાના પ્રવાસન સ્થળો. Research Guru 17(1): 32-38.
- પરમાર, કુમારપાળ. (2023). સુરેન્દ્રનગર જિલ્લાના પ્રવાસન સ્થળો. Ayudh: International Peer-Reviewed Referred Journal 1(96): 99-104.
- પરમાર, કુમારપાળ. (2023). સિહોરની સાત શેરી, શિવ મંદિરના અવશેષો. ResearchGate.
- પરમાર, કુમારપાળ. (2026). રાધનપુર રજવાડું: એક ઐતિહાસિક અધ્યયન. GYANBODH 3(1): 130-138.
- https://www.researchgate.net/profile/Kumarpal-Parmar/research